નહેર મરામત અને નિભાવણીના કાર્યો હાથ ધરવા નાણાંકિય ખર્ચની મંજુરીની સત્તા બાબતે માર્ગ દર્શક સુચનાઓ

ગુજરાત સરકાર,
નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્રક્રમાંક:પરચ-૧૦૨૦૦૨-૨૩-ગુ.નિ-ક.૧
તા.૨૭-૫-૨૦૦૩.

**વંચાણે લીધા :**

(૧) ન.જ.સં.અને પા.પુ.વિભાગના પરિપત્રક્રમાંક:પીઆઇએમ/૨૦૦૧/૯/ક.૧, તારીખ: ૨૫-૨-૨૦૦૨.
(૨) ન.જ.સં.અને પા.પુ.વિભાગના પરિપત્રક્રમાંક:પીઆઇએમ/૨૦૦૧/૧૭૪૩/૧/ક.૧ તા.૧-૫-૦૨.

**પ્રસ્તાવના :**

રાજયની હયાત સિંચાઇ યોજનાઓમાં પાણીના વહન પહેલાં તેમજ ચાલુ વહન દરમ્યાન મરામત અને નિભાવણીના કામો હાથ પર લેવા અંગે ઉપરોકત અનુસંધાનિત પરિપત્રોથી સુચનાઓ બહાર પાડવામાં આવેલી છે. ઉપરોકત પરિપત્રોમાં સમાવેશ કરેલ સુચનાઓની વિસંગતતાને અનુલક્ષીને ક્ષેત્રીય કચેરી ધ્વારા સ્પષ્ટતા માગવામાં આવેલ છે. જેને અનુલક્ષીને અગાઉના પરિપત્ર માટેની સ્પષ્ટતાઓ સાથે નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

(૧) જો યોજનાઓમાં મરામત/નિભાવણીનો વાર્ષિક ખર્ચ રૂ.૫ લાખથી વધુ હોય પરંતુ રૂ. ૨૫/- લાખથી ઓછો હોય તો અધિક્ષક ઇજનેરશ્રીની કક્ષાએથી બજેટની જોગવાઇઓને અનુલક્ષીને મરામત અને નિભાવણીના અંદાજોને સૈધ્ધાન્તિક મંજુરી આપવાની રહેશે.

(૨) ઉપરોકત પ્રકારના કામોની કિંમત રૂ.૨૫ લાખથી વધુ પરંતુ ૫૦ લાખ સુધીના હોય તો રૂ. ૨૫ લાખ થી ઉપરની કિંમતના કામોના અંદાજો પરની સૈધ્ધાન્તિક મંજુરી મુખ્ય ઇજનેરશ્રી, કક્ષાએથી આપવાની રહેશે.

(૩) ઉપરોકત પ્રકારના કામોની કિંમત રૂ. ૫૦ લાખથી વધુ હોય તો રૂ. ૫૦ લાખથી ઉપરની કિંમતના મરામત અને નિભાવણીના કામોના અંદાજોની સૈધ્ધાન્તિક મંજુરી સચિવશ્રી કક્ષાએથી લેવાની રહેશે.

(૪) મરામતના નકશા-અંદાજોની જરૂરી તાંત્રિક મંજુરી નિયમોનુસાર જેની સત્તા મર્યાદામાં હોય તેમણે આપવાની રહેશે.

(૫) કા.ઇશ્રીએ મરામત/નિભાવણીના કોઇપણ નકશા-અંદાજોની મંજુરી આપતા પહેલાં મરામત અને નિભાવણીના નકશા અંદાજો દરેક કાર્યપાલક ઇજનેરશ્રીએ સ્થળ ચકાસણી કરી તેને પ્રમાણિ કરી સંબંધિત ગુણવત્તા નિયમન ના કા.ઇશ્રીને મોકલવાના રહેશે. આ અંદાજો આવેથી ગુણવત્તા નિયમનના કા.ઇશ્રીએ આવેલ અંદાજોમાંથી ૧૦ ટકા કામોના અંદાજોની ચકાસણી કરવાની રહેશે. ચકાસણી માટેના કામોની પસંદગી કા.ઇશ્રી(ગુ.નિ) એ જે તે કામના પ્રકાર તથા કિંમતને અનુલક્ષીને રેન્ડમલી કરવાની રહેશે.

(૬) મરામત અંગેના નકશા-અંદાજો મળયેથી જે તે અંદાજોની જરૂરી ચકાસણી કરી ગુણવત્તા નિયમન તંત્રએ ૮ દિવસ (આઠ દિવસ) માં આપવાની રહેશે. સ્થળ ચકાસણી કરાયેલ કામના અંદાજો અંગે કા.ઇશ્રી ( ગુણવત્તા નિયમન ) એ સ્પષ્ટ અભિપ્રાય આપવાનો રહેશે.

(૭) મરામત અને નિભાવણીના નકશા-અંદાજોને સમયસર મોકલવાની જવાબદારી જે તે કાર્યપાલક ઇજનેરશ્રીની રહેશે. જે કામોના અંદાજોના ચકાસણી અગ્રીમતા હેઠળ કરવાની હોય, તે કામો માટે અગ્રીમતા હેઠળ લઇ તાત્કાલિક સ્થળ ચકાસણી કરી અભિપ્રાય આપવાનો રહેશે.

(૮) સ્થળ ચકાસણી કરાયેલ કામના અંદાજો અંગે કા.ઇશ્રી(ગુણવત્તા નિયમન) એ સ્પષ્ટ અભિપ્રાય આપવાનો રહેશે.

(૯) સહકારી મંડળીઓ ધ્વારા મરામતના કામો કરાવવા નહી અને સળંગ મરામતના કામો હોય તેના ભાગ પાડવા નહીં.

(૧૦) **અ.** ખુબ જ તાકીદના અને ટુંકાગાળાના કામો માટે જ ટુંકાગાળાની નોટીસથી ટેન્ડર મંગાવવા. અન્ય મરામતના કામો માટે નિયમોનુસાર ટેન્ડરની કાર્યવાહી કરવી.

બ. મરામતના કામો અંગે જો ખેડુત જુથો તૈયાર હોય અથવા આ જાતના કામો કરવા માટે જે તે વિસ્તારમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ કાર્ય કરતી બીન સરકારી સંસ્થા આ કામગીરી કરવા માટે તૈયાર હોય તો અનુ.(૨) ના પરિપત્ર પ્રમાણે કામો કરાવવા અગ્રીમતા આપવી.

ક. ચાલુ સિંચાઇ દરમ્યાન જો ભંગાણ પડે તેવી તાકીદની પરિસ્થિતિમાં જે તે મરામતના પ્રવર્તમાન પરિસ્થિતિમાં જે પ્રથા અમલમાં છે તે પ્રમાણે કામો કરાવી લેવા.

(૧૧) અંદાજી ભાવોથી જો ટેન્ડર ઉંચા આવે તો સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(એ.પી.દોશી)
ખાસ ફરજપરના અધિકારી(જ.સં.ક)
નર્મદા,જળસંપત્તિ અને પા.પુ.વિભાગ.